પ્રાંતિજ તાલુકામાં પશુચોર ગેંગ સક્રિય

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં પશુચોર ગેંગ સક્રિય થતા પશુ માલિકોની નિદ્રા હરામ થઈ છે અને પશુઓની ચોરી થતાં પશુઓ ઉપર નિર્ભર કરતાં કુટુંબોની હાલત કફોડી બની છે.

પ્રાંતિજના મૌછા અને રામપુરા-આમોદરામાંથી રાત્રીના સમયે અજાણ્યા પશુચોરો દ્વારા અલગ-અલગ ગામોમાંથી બે ભેંસોની ચોરી કરી અજાણ્યા પશુચોર લઈ જતા બન્ને ગામના પશુ માલિકો દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં અજાણ્યા પશુચોર વિરૂધ્ધ ફરીયાદ કરવામાં આવી છે.

જેમાં મોછા ગામે અશોકકુમાર અમૃતભાઇ ચમારના ઘર આગળ બાંધેલ ભેસ જેની કિંમત-૪૦,૦૦૦ તથા રામપુરા-આમોદરા ખાતે રહેતાં નરેશકુમાર કાળુભાઈ પરમારના ઘર આગળ બાંધેલ ભેંસ જેની કિંમત-૭૦,૦૦૦ મળી કુલ-૧,૧૦,૦૦૦ના પશુઓની અલગ-અલગ ગામોમાંથી એકજ રાત્રીના અજાણ્યા પશુ ચોર ગેંગ પશુની ચોરી કરી લઈ જતાં બન્ને પશુમાલિકો દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં દોડી આવ્યા હતાં અને અજાણ્યા પશુચોર વિરૂદ્ધ પોલિસ ફરીયાદ કરવામાં આવી છે. પ્રાંતિજ પોલિસે અજાણ્યા પશુચોર વિરૂધ્ધ ગુનોનોધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

અંબાજી ચાચર ચોકમાં અંબાજી ઉત્સવની ભવ્ય ઉજવણી

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ગાંધીનગર તથા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે અંબાજી ચાચર ચોકમાં અંબાજી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અંબાજી ઉત્સવની ઉજવણી અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં ગુજરાતભરમાંથી વિવિધ કલ્ચરલ ગ્રૂપ અને શાળાના વિધાર્થીઓ દ્વારા ગરબો-રાસ, ઘુમ્મર, મહિષાસુર મર્દિની, પ્રાચીન ગરબો, સતરંગી, સેમી ક્લાસીકલ, હઠિંગો રાસ, ટીપ્પણી નૃત્ય, ભગવતી નૃત્ય, ભગવતી સ્ત્રોત, અર્વાચીન ગરબો રજૂ કરવામાં આવ્યો હતો. જેને માઈભક્તો અને દર્શકોએ રસપૂર્વક નિહાળ્યા હતા.

અરવલ્લીમાં ટોરડા સ્વામીનારાયણ મંદિર ધામમાં ગોપાળાનંદ સ્વામીની જન્મજયંતી ઉમંગભેર ઉજવાઈ

મોડાસા, તા.૧૩

અરવલ્લી જિલ્લામાં ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ શ્રી સ્વામીનારાયણ મંદિર

ટોરડાધામને આંગણે શ્રી ગોપાલ લાલજી હરિકૃષ્ણ મહારાજનો ૬૬મો વાર્ષિક પાટોત્સવ તથા ગોપાળાનંદ સ્વામીની ૨૩૮મી જન્મ જયંતી આજરોજ ૧૩-૨-૨૦૧૯ને બુધવારે (મહાસુદ આઠમ)ના રોજ ધામધુમથી ઉજવાઈ હતી.

જેમાં દૂર દૂરથી મુમુક્ષો, ભાવિકો, સત્સંગીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સર્વ હરિભક્તોને મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા ટોરડાધામ સત્સંગ સમાજની ઉપસ્થિતિમાં આજે આનંદોલ્લાસ વચ્ચે આ ઉજવણીનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

અત્રે મંદિરમાં ઉજવાયેલ ગોપાળાનંદ સ્વામીની ૨૩૮મી જન્મ જયંતીમાં સવારથી ભાવિક ભક્તો, હરિભક્તો ઉમટી પડ્યા હતા. અત્રે આ પાવનધામમાં સ્વામિનારાયણ મંદિરે માથું ટેકબી અને વાર્ષિક પાટોત્સવ તેમજ ગોપાળાનંદ સ્વામીના જન્મ દિવસની ઉજવણીમાં ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. ટોરડા ધામમાં આજે આખો દિવસ ભકતો, શ્રધ્ધાળુઓ અને મુમુક્ષુઓની ભીડ જોવા મળી હતી. સમગ્ર માહોલ ભક્તિમય બની ગયો હતો.

મોડાસા ઉમિયા પરિવારે "જ્યોતિ રથ આગમન" ભક્તિભાવપૂર્વક તિથિ ઉજવણી

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં શ્રી ઉમિયા પરિવાર દ્વારા શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉંઝા આયોજીત ઉત્કર્ષનિધિ "જ્યોતિ રથ"નું તા.૧૨-૨-૨૦૦૦ ના રોજ મોડાસા શહેરમાં આગમન થયું હતું ત્યારથી મોડાસા શહેરમાં દર વર્ષે સંગઠન અને ભક્તિભાવ માટે માતાજીની તિથિ ઉજવણી કરવામાં આવે છે. મંગળવારે ૧૯મી તિથિ ઉજવણીમાં મોડાસા શહેરના માર્ગો પર ભવ્ય શોભાયાત્રા અને ઉમિયા મંદિર પરિસરમાં સમૂહ આરતી યોજાઈ હતી. ઉમિયા પરિવારે સામુહિક પ્રસાદ ગ્રહણ કરી ઉમિયા પરિવારના સદશ્યોએ મોડાસાના ભામાશા હોલમાં પારિવારિક નાટક માણ્યું હતું. તિથિની ઉજવણીમાં ઉમિયા પરિવારના પ્રમુખ દિલીપ પટેલ, મંત્રી મોહનભાઈ પટેલ સહીત હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રાંતિજના રૂપપુરા ખાતે આવેલ શ્રી ખોડીયાર માતાના મંદિરે પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રૂપપુરા ગામે આવેલ શ્રી ખોડીયાર માતાજીના મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ખોડીયાર માતાજીના પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ તાલુકાના મોયદ પાસે આવેલ રૂપપુરા ગામે હાથમતી નદી કિનારે આવેલ ૫૦૬ વર્ષ પુરાણ શ્રી ખોડીયાર માતાના મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ મંદિર વ્યવસ્થાપકો દ્વારા મહાસુદ આઠમ જગતજનની મા ખોડીયારના પ્રાગટ્ય દિવસને લઈને મંદિર પરિષદમાં પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હોમ-હવન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. રૂપપુરા, મોયદ, પીલુદા, માઢા સહિત પ્રાંતિજ તાલુકામાંથી ધર્મપ્રેમી લોકો ઉમટી પડ્યા હતા. મા ખોડીયારના દર્શન કરી હવનના દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. અહીં માતાજીમાં

અખૂટ શ્રદ્ધા ધરાવતાં માઈ ભકતોની મનોકામના, મનવાંછિત કામો માતાજી પૂર્ણ કરે છે. મંદિર સંકુલ બહાર વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ આજે પણ યંત્રયુગમાં મેળો ભરાય છે અને ધર્મપ્રેમી લોકો માતાજીના દર્શન કરી મેળાનો આનંદ માણે છે. મંદિરના મહંત તથા અમીચંદભાઇ પટેલ, વિનુભાઈપટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, કેશુભાઇ પટેલ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ઉંબરી પાતાળેશ્વર મહાદેવના મંદિરે પ્રતિષ્ઠાનું આયોજન

કાંકરેજ, તા. ૧૩

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ઉંબરી ગામે જાગરીરદાર રાજપૂત દ્વારા ભગવાન શ્રી પાતાળેશ્વર મહાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા અને ઉંબરી જાગીર દરબાર ગઢ કચેરીના શુભ પ્રસંગે દિયોદર રાજવી દિલીપસિંહ વાઘેલાએ આયોજન અને સુવિધાઓની ઝીણવટભરી તપાસ કરી હતી અને ઉંબરીના ઉત્સાહી સમાજના સેવાભાવી યુવાનો મુકેશસિંહ વાઘેલા, નિરુભા વાઘેલા, કિંતુભા વાઘેલા અને રઘુભા વાઘેલા નેતાજી સહિત અન્ય યુવાનોનું બહુમાન કર્યું હતું અને બિરદાવ્યા હતા. ત્યારે દિલીપસિંહ વાઘેલાએ મીડિયા સાથે વાત કરી હતી અને સમગ્ર વિશ્વમાં સૌથી મોટું ઉદાહરણ છે. કાંકરેજ તાલુકાનું ઉંબરી ગામ જે આજે સોનેરી નગરી તરીકે ઓળખવામાં આવે છે અને તમામ પ્રકારના રાજકીય નેતાઓ ખાસ કરીને ૧૪ ફેબ્રુઆરીએ ઉપસ્થિત રહેશે અને કાર્યક્રમ અંતર્ગત ભાગ લેશે ત્યારે ત્રિદિવસીય મહોત્સવ દરમિયાન પાંચ લાખ જેટલા લોકો દર્શન કરવા ઉમટી પડશે એવી શક્યતા છે અને ઉંબરી વાઘેલા પરિવાર અને રાજપૂત સમાજમાં ગુરુ તરીકે ઓળખવામાં આવે છે તે દેવદરબાર જાગીર મઠ ૧૦૦૮ મહંત બળદેવનાથ બાપુની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે ત્યારે ગુજરાત અને બનાસકાંઠા જિલ્લા સહિત કાંકરેજ મીડિયા પણ ભાગ લેવા માટે પધારે એવી ઉંબરી નગરજનોએ ઈચ્છા વ્યક્ત કરી હતી. પ્રથમ દરબાર ગઢ કચેરીમાં ઓપનિંગ કર્યા બાદ ભગવાન શ્રી પાતાળેશ્વર મહાદેવ મંદિરમા યજ્ઞની શુભ શરૂઆત કરી શોભાયાત્રા નીકળવાની તેમજ હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરી દર્શન કરવા માટે આવતા લોકોને આવકાર્ય કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન રજવાડી ઠાઠથી કરવામાં આવશે ત્યારે વાઘેલા રાજપૂત પરિવાર અને ઉંબરી નગરજનોમા અનેરો આનંદ ઉત્સાહ જોવા મળે છે.

ઉંબરી ગામે ૧૩ ફેબ્રુઆરી થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન કાર્યક્રમો યોજાશે જેમાં ગુજરાત રાજયના સાહિત્યકાર અને ભજનિકો દ્વારા ભજન અને સાહિત્ય સરિતા પીરસવામાં આવશે.

ખબરે અનોખી...

હેલિકોપ્ટરમાં મજૂરની દિકરીની વિદાય

હરિયામાના હિસ્સારમાં સંજય સંતોષ સાથે દહેજ માત્ર એક રૂપિયો શુકનનો લઈ લગ્ન કર્યા છે અને તે દુલ્હનને હેલિકોપ્ટરમાં વિદાય કરાવીને લઈ ગયો. સંજયના પિતાનું કહેવુ છે કે તેમણે કોઈ પણ પ્રકારનો દહેજ લીધો નથી અને તેમનો ઉદ્દેશ્ય બેટી બચાવોનો સંદેશ આપવાનો છે. જેથી કરીને કોઈ પોતાની દિકરીને બોજરૂપ ન સમજે. ગ્રામવાસીઓનું કહેવુ છે કે ગામમાં પ્રથમવાર આ પ્રકારના લગ્ન જોવા મળ્યા છે જેમાં ન તો દહેજ લેવામાં આવ્યુ છે અને દિકરી લગ્ન બાદ હેલિકોપ્ટરમાં વિદાઈ થઈ હોય.

પોરબંદરમાં રસ્તા પર દોડ્યો સિંહ

પોરબંદરના માધવપુરમાં પહેલીવાર સિંહ જોવા મળ્યો હતો. પરંતુ લોકો સિંહ જોઈને હરખાય તે પહેલા જ રહેણાંક વિસ્તારમાં સિંહે એક આધેડ પર હુમલો કર્યો હતો. જેને જોઈ લોકોના ટોકોના ટોળા એકઠા થઈ ગયા. જેને પગલે સિંહ પણ ગભરાયો હતો અને ગભરાટમાં તેણે દોટ મુકી હતી. દરમિયાન ગુસ્સે થયેલા સિંહે બે વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. સિંહ જે રીતે ભાગમભાગ કરી રહ્યો હતો તે જોતા લોકો ભયભીત થઈ ગયા હતા અને પોતાનો જીવ બચાવવા દોડ્યા હતા.

ગુનો કબુલ કરાવવા ચોરના ગળામાં નાખી દિધો સાપ

ગુનેગારો પાસે ગુનો કબૂલ કરાવવા માટે દુનિયાભરની પોલીસ નવી નવી તરકીબો અજમાવતી હોય છે. ઈન્ડોનેશિયામાં એક વિડીયો ઈન્ટનેટ પર વાઈરલ થઈ રહ્યો છે જેમાં એક શંકાસ્પદ ચોરને ડરાવવા માટે એક સાપનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. લગભગ બે મીટરની લંબાઈ ધરાવતા એક સાપને એક વ્યક્તિના ગળામાં લટકાવી દેવામાં આવ્યો હતો. તેના હાથ બાંધી દેવામાં આવ્યા હતા અને સાપ તેના શરીર પર ફરી રહ્યો હતો. શંકાસ્પદ વ્યક્તિ સંપૂર્ણપણે ગભરાયેલો વ્યક્તિ બચવા માટે જોરજોરથી ચીસો પાડી રહ્યો હતો ને પોલીસ આ દેશ્યો જોઈ જોર-જોરથી હસી રહ્યા હતા.

ત્રણ ખતરનાક જાનવરના વાડામાં પડી ગઈ ૮ વર્ષની બાળકી

આ ચીનની એક હચમચાવી દેનારી ઘટના છે. ચેંગદૂ રિસર્ચ બેઝ ઓફ જાયન્ટ પાંડા બ્રિડિંગમાં એક ૮ વર્ષની બાળકી જાયંટ પાંડાના વાડામાં પડી ગઈ હતી. બાળકી જે સમયે વાડામાં પડી તે સમયે ત્યાં ત્રણ પાંડા ઉપસ્થિત હતા. સામાન્ય રીતે એવુ માનવામાં આવે છે કે પાંડા ક્યુટ અને ગેર-ખતરનાક જાનવર છે પરંતુ આ તેમની ગેરસમજ છે. હકીકતમાં પાંડા ઘણીવાર લોકો પર હુમલો કરી બેસે છે. વાડામાં પડી ગયેલી બાળકીને સિક્યુરીટી ગાર્ડે ડંડાની મદદ વડે ભારે જહેમત ઉઠાવી બહાર કાઢી હતી.

જળવાયુ પરિવર્તનને કારણે હિમાચલનો મોટો હિસ્સો પીગળી શકે છે

હિન્દુ કુશ હિમાલય પર્વતમાળાનો એક તૃતિયાંશ જેટલો બરફ આ સદીના અંત સુધીમાં જળવાયુ પરિવર્તનને કારણે પીગળી જશે. તાજેતરમાં થયેલા એક અભ્યાસ મુજબ જો આવનારા દાયકામાં પેરીસમાં ક્લાયમેટ ચેન્જમાં નક્કી કરવામાં આવેલા ધ્યેય મુજબ ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરવામાં નહી આવે તો હિમાલયન પર્વતમાળાને મોટુ નુકશાન પહોંચી શકે છે.

હંગેરીમાં જે મહિલાને ચાર બાળક હશે તેને આજીવન ટેક્સમાંથી મુક્તિ મળશે

ભારત જેવા દેશો વસ્તી વધારાથી પરેશાન છે ત્યારે યુરોપના સંખ્યાબંધ દેશોને વસ્તી કેવી રીતે વધશે તેની ચિંતા સતાવી રહી છે. યુરોપના હંગેરીએ હવે જાહેરાત કરી છે કે જે મહિલાને ચાર બાળકો હશે તેને હંગેરીમાં આજીવન ઈન્કમટેક્સ નહી ચૂકવવો પડે. જ્યારે જે દંપતિને ત્રણ બાળકો હશે તેને લોનમાં વ્યાજ માફી મળશે. ૪૦થી ઓછી વયની મહિલાઓને પહેલા લગ્ન પર એક લોનમાંથી વ્યાજની મુક્તિ મળશે. વડાપ્રધાન વિક્ટર ઓરબને કહ્યુ હતુ.

દુબઈમાં ૯૭ વર્ષના ભારતીય વૃદ્ધે રિન્યુ કરાવ્યુ ડ્રાઈવિંગ લાયસન્સ

સંયુક્ત આરબ અમીરાતમાં ભારતીય મૂળના ૯૭ વર્ષના એક વૃદ્ધે ચાર વર્ષ માટે પોતાનુ ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યુ કરાવ્યું છે. ટી.એચ.ડી. મહેતાનો જન્મ ૧૯૨૨માં થયો હતો. તેઓ દુબઈની સડકો પર ગાડી ચલાવનારા ૯૦ વર્ષથી વધુની ઉંમરના પ્રથમ વ્યક્તિ છે. ગલ્ફ ન્યુઝે આ સમાચાર પ્રકાશીત કર્યા છે.

રાજ્ય યુવક બોર્ડ બનાસકાંઠા દ્વારા પંડીત દીનદયાળ ઉપાધ્યાયની પૂણ્યતિથિને સેવા દિન તરીકે ઉજવણી

ગુજરાત રાજ્ય યુવક બોર્ડના જિલ્લા સંયોજક ગૌરાંગભાઈ પાધ્યાની આગેવાનીમાં ૧૧ મી સપ્ટેમ્બરથી પંડીત દીનદયાળ ઉપાધ્યાયની પૂણ્યતિથિ નિમિત્તે જિલ્લાના વિવિધ તાલુકા અને નગરપાલિકામાં સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર, ડીસા, કાંકરેજ, ધાનેરા અને લાખણીમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ હાથ ધરવામાં આવી હતી. પાલનપુર, ડીસા, થરા અને થરાદ નગરપાલિકા ખાતે બાળકોને ફુટ વિતરણ તથા વિવિધ સીવીલ હોસ્પીટલોમાં ફુટ વિતરણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા સહિત સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ કાર્યક્રમોનું આયોજન નગરપાલિકા અને તાલુકાના સંયોજકો દ્વારા કરવામા આવ્યું હતુ. જેમાં સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રના પ્રમુખ, મંત્રી અને ટીમના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ભારતનો ડંકો... ● પહેલા પાનાનું ચાલુ

ઉમેર્યું હતું કે, તેમના ભાષણને તાકાત ખડગેના કારણે મળતી હતી. કોઈ સમયે અડવાણી પૂર્ણ સમય ગૃહમાં બેસતા હતા. આજે ખડગે પણ પૂર્ણ સમય ઉપસ્થિત રહે છે. અમે તમામને તેમની પાસેથી સિખવા જેવું છે. આ વયમાં પણ તેમની ઉર્જા ઓછી થઈ નથી. મોદીએ કહ્યું હતું કે, આજે તેઓ કોઈ ઉપલબ્ધી બતાવવા આવ્યા નથી પરંતુ અનેક કામ સંસદ દ્વારા કરવામાં આવ્યા છે. વિપક્ષમાં રહીને પણ ઘણા સાંસદોએ આમા યોગદાન આપ્યું છે. અમારા માટે ખુશીની બાબત છે કે, આજે દેશ છઠ્ઠા નંબરની અર્થ વ્યવસ્થા છે. આજે ભારતનો આત્મવિશ્વાસ આસમાન ઉપર છે. આજે વિશ્વની તમામ પ્રતિષ્ઠિત સંસ્થા ભારતના ઉજ્જવળ ભવિષ્યના સંબંધમાં પોતાની સંભાવના દર્શાવે છે. મોદીએ કહ્યું હતું કે, મોદી અને સુષ્માના ગાળામાં દુનિયામાં ભારતનું સન્માન વધ્યું છે પરંતુ આનું કારણ મોદી અને સુષ્મા નથી પરંતુ પૂર્ણ બહુમતિવાળી સરકાર છે. પૂર્ણ બહુમતિવાળી સરકારની અસર વધારે થાય છે. મોદી અને સુષ્માને આની ક્રેડિટ જતી નથી. ૨૦૧૪માં જનતાના નિર્ણયને આની ક્રેડિટ જાય છે. છેલ્લા પાંચ વર્ષમાં માનવતાના કામમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે.

રાફેલ ડીલ... ● પહેલા પાનાનું ચાલુ

ઉલ્લેખ કરાયો હતો. બુધવારના દિવસે અખબારમાં કહેવામાં આવ્યું હતું કે, એનડીએ સરકારના સમયમાં થયેલી ડિલ યુપીએના ગાળામાં થયેલી ડિલ કરતા સસ્તા સોદામાં થઈ નથી પરંતુ આજે કેગના અહેવાલ બાદ આ મિડિયા અહેવાલને પણ રદિયો મળ્યો હતો. આજે સવારે કોંગ્રેસ સંસદીય પક્ષની બેઠક મળી હતી જેમાં સોનિયા ગાંધીએ મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, બંધારણના મુલ્યો, સિદ્ધાંતો અને જોગવાઈઓ ઉપર મોદી સરકાર તરફથી સતત પ્રહાર થઈ રહ્યા છે.

મહિસાગરના જંગલમાં દેખાયેલ વાઘને પગલે સાવચેતી રખાશે

મહિસાગર લુણાવાડાના ગઢ જંગલ વિસ્તારમાં દેખાયેલો વાઘ મધ્યપ્રદેશના જાંબુઆનો હોવા માટેનો દાવો

અમદાવાદ,તા.૧૩

મહીસાગર જિલ્લાના જંગલમાં દેખાયેલા રાષ્ટ્રીય પ્રાણી વાઘને બચાવવા માટે વન વિભાગ દ્વારા હવે રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ કરવામાં આવશે. આ સાથે જ આગામી ઉનાળાની ઋતુમાં જંગલમાં દવાનળ ફાટી ન નીકળે તે માટે વિશેષ કાળજી રાખવા તમામ ફોરેસ્ટ ઓફિસરોને ડી.એફ.ઓ. અને સી.સી.એફ. દ્વારા સૂચના જારી કરવામાં આવી છે. બીજીબાજુ, વનવિભાગ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે, આ વાઘ એકાદ વર્ષ પહેલા મધ્યપ્રદેશના જાંબુઆ જંગલ વિસ્તારમાં જોવા મળ્યો હતો, જે ત્યાંથી ખોરાક-પાણીની શોધમાં ગુજરાત તરફ આવી ગયો હોવાનું મનાય છે. આ અંગે ગોધરા રેન્જ ફોરેસ્ટ ઓફિસર રોહિત પટેલે

જણાવ્યું હતું કે, મહીસાગર જંગલમાં વાઘ હોવાની પુષ્ટિ થયા બાદ વાઘ ૪૦ થી ૫૦ કિ.મી.ના જંગલમાં ફરી શકે છે. મંગળવારે રાત્રે લગાવેલા નાઈટ વિઝન કેમેરા આજે સવારે ચેક કરવામાં આવ્યા હતા. પરંતુ, તેમાં વાઘ દેખાયો નથી.

હવે ડી.એફ.ઓ. અને સી.સી.એફ.ની સૂચના અને માર્ગદર્શન હેઠળ વાઘની સુરક્ષા માટેના પગલાં ભરવાના છે. ખાસ કરીને આગામી ઉનાળાની ઋતુમાં જંગલમાં દાવાનળ ફાટી ન નીકળે તે માટે વિશેષ કાળજી રાખવાની છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, વાઘને ગરમી લાગવાથી ગુફામાં રહેતો નથી. વાઘ ખુલ્લામાં અથવા તો પાણીમાં રહે છે. જંગલની બાજુમાંથી પાનમ નદી જાય છે. આ ઉપરાંત જંગલમાં પણ નાના-મોટા તળાવો છે. આથી મહીસાગર જિલ્લાના જંગલમાં આવેલા વાઘને પાણીની પણ તંગી પડશે નહીં. વાઘની સુરક્ષાની સાથે આસપાસના ગામ લોકો તેમજ તેમના પશુઓની સુરક્ષા માટે પણ હંમેશા ફોરેસ્ટ વિભાગ જરૂરી કાર્યવાહી કરે છે.

ડીસામાં સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ દારૂનો વેપલો કરતો શખ્સ એલસીબીના હાથે ઝડપાયો

ડીસા

ડીસા શહેરમાં લાંબા સમયથી દારૂનો બિન્દાસ વેપલો કરતા શખ્સને ડીસા દક્ષિણ પોલીસ આજ સુધી છાવરતી હતી.જોકે ગત રોજ એલસીબી પોલીસે આ શખ્સને આબાદ રીતે ઝડપી લીધો છે અને એલસીબી પોલીસના આ સફળ દરોડાથી ડીસા દક્ષીણ પોલીસ પણ ઉંઘતી ઝડપી ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ બનાસકાંઠા એલસીબી પોલીસના ઈન્ચાર્જ પીઆઇ પી.એલ.વાઘેલા ગત રોજ એલ.સી.બી.ની ટીમ સાથે ડીસા દક્ષિણ પોલિસ મથકના હદ વિસ્તારમાં પેટ્રોલીગમાં નીકળ્યા હતા એ દરમ્યાન બાતમીના આધારે ડીસાના રીસાલા બજારમાં રામાપીર મંદિર પાસે રહેતા વિજયભાઈ બાબુલાલ મોદીના રહેણાંક મકાનમાં ઓચિંતી રેડ પાડી આ રહેણાંક મકાન તેમજ ઘરની પાસે પડેલ મહીંદ્રા પીકઅપ જીપડાલામાંથી ૧,૯૫,૬૦૦ રૂપિયાની કિંમતનો ૧૭૮૪ બોટલ વિદેશી દારૂ ઝડપી લઈ ગાડી સહિત કુલ ૫,૯૯,૧૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ડીસાના મકાનમાલિક વિજયભાઈ બાબુલાલ મોદી, હિતેશભાઈ લક્ષ્મીચંદભાઇ મોદી, મનોજભાઈ ઈશ્વરલાલ મોદી તથા પાટણના ભાવેશભાઇ પ્રહલાદભાઇ મોદીને આબાદ રીતે ઝડપી લીધા હતા.

નારસોલી ગામમાં દીપ મહાયજ્ઞ અને પંચકુંડી ગાયત્રી યજ્ઞ યોજાયો

ભિલોડા,તા.૧૩

ભિલોડા તાલુકાના નારસોલી ગામમાં આદર્શ ગામ યોજના અંતર્ગત દીપ મહાયજ્ઞ અને પંચકુંડી ગાયત્રી યજ્ઞ યોજાયો હતો. ગાયત્રી પરીવાર વિચાર ક્રાંતિ અભિયાનના સંસ્થાપક પરમ પુજ્ય ગુરૂદેવ શ્રી રામ શર્મા આચાર્યજીએ ભારતના એક લાખ ગામોને આદર્શ ગામનું સ્વરૂપ આપવા માટેનું એક અભિયાન ગાયત્રી પરીવારને આપેલ છે. ભિલોડા તાલુકાના નારસોલી ગામને પસંદગી અપાઈ છે. આદર્શ ગામ યોજનાએ બહુઆયામી કાર્યક્રમ છે. વર્ષ-૨૦૨૬ સુધી એક પડાવ સુધી પહોંચાડવામાં આવશે તેમ જણાવ્યું હતુ. યોજનાને સાકાર કરવા માટે ગાયત્રી પરીવારજનો અને ગ્રામજનોના સંયુક્ત પ્રયાસો થકી પુર્ણ થશે તેમ જણાવ્યું હતું. આદર્શ ગ્રામ યોજના અંતર્ગત ભિલોડા તાલુકાના નારસોલી ગામ તા.૧૧/૨/૨૦૧૯ થી તા.૧૨/૨/૨૦૧૯ ના રોજ બે દિવસીય કાર્યક્રમ યોજાયો હતો. તા.૧૧/૨/૨૦૧૯ ને સોમવારના રોજ બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ દરમ્યાન શોભાયાત્રા, રાત્રે ૭:૦૦ થી ૯:૩૦ દરમ્યાન શાંતિકુંજથી પધારેલ સંતો ધ્વારા ગીત, સંગીત અને આદર્શ ગ્રામ દિપયજ્ઞ અને તા.૧૨/૨/૨૦૧૯ ના રોજ સવારે ૬:૩૦ થી ૭:૩૦ દરમ્યાન પ્રજ્ઞાયોગ, ૮:૩૦ થી ૧૨:૩૦ પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ અને પરમ પુજ્ય ગુરૂજીનો સંદેશ અપાયો હતો. બપોરે ૧:૩૦ વાગ્યાના સુમારે મહાપ્રસાદીનો લાભ ભાવિક ભક્તો, ગ્રામજનોએ લીધો હતો. આયોજકો ભિલોડા તાલુકા ગાયત્રી પરીવાર અને નારસોલી ગ્રામજનોએ જહેમત ઉઠાવી હતી.

કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત
મા. મ. વિભાગ, મોડાસા

જાહેર નિવિદા નં. ૧૫/૨૦૧૮-૧૯

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા. મ. વિભાગ, મોડાસા (ફો. નં. : ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા પુલના કામ જેની અંદાજિત કિંમત ૫૪૭.૯૪ થી ૫૮૧.૦૪ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સિસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબ સાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૫-૨-૨૦૧૯ થી ૨૮-૦૨-૨૦૧૯ સુધીમાં ટેન્ડરો ઓન લાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબ સાઈટ પર તથા માહિતી વિભાગની વેબ સાઈટ WWW.STATETENDERS.COM ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/હિંમત/૫૮૭/૧૯